Extra No. 69

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] TUESDAY, MARCH 3, 2026 / PHALGUNA 12, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ:-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયેનો

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૨૦/૨૬ આગામી તા.૨૭/૦૨/૨૦૨૬ થી તા.૦૪/૦૩/૨૦૨૫ સુધી ફાગણસુદ પુનમ (હોળી-ધુળેટી) ના તહેવાર નિમિત્તે ડાકોર ખાતે આવેલ રણછોડજી મંદિરે ધાર્મિક લોક મેળો યોજાનાર હોય, આ મેળામાં અમદાવાદ, ખેડા, આણંદ, પંચમહાલ, વડોદરા જિલ્લામાંથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ પગપાળા દર્શનાર્થે આવતા હોય છે. આ દરમ્યાન વાહનોની સતત અવર જવર ના કારણે અકસ્માત થવાનો અને જાનહાની થવાનો સંભવ રહે છે. જેથી પદયાત્રીઓની સલામતીને ધ્યાનમાં રાખીને નીચે જણાવ્યા મુજબના માર્ગો ઉપર તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા.૦૪/૦૩/૨૦૨૬ સુધી ભારે માલવાહક વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવા માટે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ખેડા નડીયાદનાઓએ તેમના તા.૧૨/૦૨/૨૦૨૬ ના પત્ર ક્રમાંક:એલઆઈબી/ડાકોર બંદો/જાહેરનામુ/૧૯૪/૨૦૨૬ થી અત્રે દરખાસ્ત મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) થી મળેલ સત્તાની રૂએ તા. ૨૬/૦૨/૨૦૨૬ થી તા.૦૪/૦૩/૨૦૨૬ (બન્ને દિવસો સુધ્ધાંત) સુધી નીચે જણાવેલ માર્ગો ઉપરથી પસાર થતાં ભારે માલવાહક વાહનો પસાર થવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું તથા આ માર્ગો ઉપરથી પસાર થતાં વાહનો નીચે જણાવેલ માર્ગોએ ડાયવર્ટ (વાળવા) કરવા હુકમ કરૂં છું.

વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો :-

(૧) વાસદ ચોકડી થી સારસા, ખંભોળજ, ઓડ, ઉમરેઠ થઈ ડાકોર તરફ આવતા મોટા વાહનો ઉપર પ્રતિબંધ.

(૨) ભાલેજ ચોકડી, લીંગડા, ઉમરેઠ થઈ ડાકોર તરફ આવતા મોટા વાહનો ઉપર પ્રતિબંધ.

(૩) ઉમરેઠ ત્રણ રસ્તાથી ડાકોર તરફ જતા વાહનો.

(૪) પણસોરા ચોકડી અલીણા ચોકડી તરફ જતો તમામ વાહન વ્યવહાર.

વાહનોની અવર જવર બંધ થતા તેના ડાયવર્ટ કરવાના વૈકલ્પીક રૂટો :-

(૧) વાસદ ચોકડી, ઓડ, ઉમરેઠ થઈ ડાકોર તરફ આવતા મોટા વાહનો આણંદ હાઈવે ચોકડી થઈ આગળ જશે.

(૨) ભાલેજ ચોકડીથી ડાકોર તરફ આવતા વાહનો ભાલેજ ચોકડીથી ચકલાસી રોડ થઈ હાઈવે તરફ આગળ જશે.

(૩) ઉમરેઠ ત્રણ રસ્તાથી ડાકોર તરફ જતા વાહનો વાહનો ઓડ, સારસા થઈ આગળ જશે.

(૪) પણસોરા ચોકડી અલીણા ચોકડી તરફ જતો તમામ વાહન વ્યવહાર પણસોરા ચોકડીથી નડીયાદ તરફ થઈ આગળ જઈ શકશે.

અપવાદ

સરકારી વાહનો એમ્બ્યુલન્સ વાન તથા ફાયરબ્રીગેડના વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

આ હુકમથી જે રસ્તાઓ બંધ કરવામાં આવેલા છે. તે સ્થળોએ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આણંદ/ ખેડા - નડીયાદે જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.08 13:22:51 IST